॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૫૦, જુલાઈ–૨૦૨૩, રૂા. ૫.૦૦/–



ભુજ મંદિરમાં અધિક શ્રાવણ મહિના દરમ્યાન દરરોજ નવા નવા ઉત્સવો ઉજવવામાં આવી રહ્યાં છે. શ્રાવણ સુદ ૫ ના દિવસે શ્રી નરનારાયણદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો તથા અન્નકૂટના થાળ ધરવામાં આવ્યા હતા.

અમદાવાદ પૂ.મોટા મહારાજશ્રીને શરીરે તકલીફ જણાતાં ભુજ મંદિરના મહંત સ્વામી તથા પૂ. જાદવજી ભગત આદિ સંતો ખબર અંતર પૂછવા પધાર્યા હતા અને પૂ. મોટા મહારાજશ્રીને જલ્દીથી શરીરે સારું થઈ જાય એવી શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરી હતી.





**હિંડોળા ઉદ્‌ઘાટન :** શ્રાવણ સુદ ૧૧ના દિવસે ભુજ મંદિરમાં વિશેષ હિંડોળાનું ભવ્ય ઉદ્‌ઘાટન પૂજ્ય મહંત સ્વામી કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું છે.



## પ્રથમવાર ભુજના સંતોનું કેનેડા સત્સંગ વિચરણ

ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી કેનેડા દેશમાં ઉચ્ચ અભ્યાસ માટે કચ્છના હરિભક્તોના દિકરા-દિકરીઓ વસે છે. પૂજ્ય મહંત સ્વામીને કેનેડાના હરિભક્તોએ પ્રાર્થના કરી હતી કે, સંતોને કેનેડા મોકલો અને આપ પણ પધારો, પૂજ્ય મહંત સ્વામીએ હરિભક્તોની વિનંતીથી ઉપમહંત સ્વામી સહિત ૪ સંતોને મોકલાવ્યા છે. ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદજીવનદાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી, સ્વામી રાઘવમુનિદાસજી આદિ સંતો પધાર્યા છે.









## ભારત સત્સંગ વિચરણ

કચ્છના સત્સંગિઓ કચ્છથી બહાર ભારત દેશના અનેક રાજ્યોમાં વ્યવસાય માટે વસવાટ કરી રહ્યા છે. દર વર્ષે પૂ. મહંત સ્વામીની આજ્ઞાથી સંતો સત્સંગ કથાવાર્તા માટે જાય છે જે લગભગ ૮ મહિના જેટલો સમય થાય છે. આ વર્ષે સ્વામી સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સંતો-પાર્ષદો હરિભક્તો સાથે નિકળ્યા ત્યારે પૂજ્ય મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.



અધિકમાસ શ્રાવણ સુદ-૫ના રોજ શ્રીનરનારાયણદેવનો અભિષેક તથા અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. જેમના યજમાન ગામ માનકુવાના પ.ભ.રામજી ગોપાલ દબાસીયા ધ.પ. શાન્તાબેન, સુપુત્ર દિનેશભાઈ ધ.પ.પૂજાબેન, પુત્ર સંદિપભાઈ ધ.પ. રેખાબેન, પૌત્ર દિપાંશુ, જૈમિન, પૌત્રી ઈશાની, ધારવી પરિવાર તેમજ ગોપાલભાઈ કાનજી દબાસીયા ધ.પ. કુંવરબેન, પુત્ર શાંતિલાલ ધ.પ. અમૃતબેન, પૌત્ર હિમાંશુભાઈ ધ.પ. જ્યોતીબેન, પૌત્ર કલ્પેશભાઈ ધ.પ.બિનલબેન, પરપૌત્રી શ્રેયા, પરપૌત્ર મોક્ષ અને ધ્યાન સપરિવારે લાભ લઈ શ્રી ઠાકોરજી તથા સંતોનો રાજીપો મેળવ્યો હતો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ અંક-૬ જુલાઈ-૨૦૨૩
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૫૦

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સંસ્થા સમાચાર | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૧૦ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૧૬ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

હજારો વર્ષોથી વિશ્વના બધાજ વ્યવહારો, બાબતો, આયોજનો, કાર્યક્રમો, ક્રિયાઓ વગેરે સમયને આધીન જ રહ્યા છે. વિશ્વમાં સૌથી મહત્ત્વની બાબત જો કોઈ હોય તો તે સમય છે. સમય સાથે જે સાતત્યપૂર્ણ સમન્વય નથી કેળવી શકતો સમય તેને ફેંકી દે છે. અને તે અધોગતિ અને નિષ્ફળતાની ગર્તમાં ગરકાવ થઈ જાય છે.

સમયનું સમન્વય જાળવવાનું કાર્ય કેલેન્ડર કરે છે. તવારીખ તપાસતાં એક વાતની પ્રતીતિનું પ્રમાણ પ્રાપ્ત થાય છે કે વિશ્વનું સંકલન અને સંચાલન કેલેન્ડર વિના શક્ય નથી.

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# તંત્રીની કલમે

હિન્દુ સંસ્કૃતિ અને સનાતન હિન્દુ ધર્મ વિક્રમ સંવતના પંચાંગ (તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ પાંચ અંગવાળું હિન્દુ કેલેન્ડર)ને અનુસરે છે. તે રીતે વિશ્વમાં ઈસ્વીસનનું કેલેન્ડર (ગેગોરિયન) પણ પ્રચલિત છે. કેલેન્ડર ગમે તે હોય પણ સર્વ સ્વીકૃત બાબત એ છે કે બાર માસનું એક વર્ષ થાય અને દરેક માસ ત્રીસ દિવસનો હોય. (હિન્દુ પંચાંગમાં શુક્લ પક્ષ(સુદ)ના ૧૫ દિવસ અને કૃષ્ણ પક્ષ(વદ)ના ૧૫ દિવસ મળીને કુલ્લ ત્રીસ દિવસનો મહિનો થાય છે. પરંતુ વર્ષના બારે માસ સતત રીતે ૩૦ દિવસના નથી તેથી બારે માસને વ્યવસ્થિત કરવા કેટલીક તિથિઓ બેવડાય છે અથવા તેનો ક્ષય થાય છે. તે ઉપરાંત કેટલાક માસ બેવડાય છે, જે અધિક માસ તરીકે ઓળખાય છે. (ઈસ્વીસનના કેલેન્ડરમાં પણ બધા માસ ૩૦ દિવસના નથી, તેથી તેને વ્યવસ્થિત કરવા ૩૦, ૩૧, ૨૮, ૨૯ દિવસની ગોઠવણી કરવામાં આવી છે.) વિશ્વમાં હજારો વર્ષ જૂની પ્રાચીન સંસ્કૃતિ હિન્દુ સંસ્કૃતિ છે અને હિન્દુ ધર્મ તેની પરંપરાઓને અનુસરીને હિન્દુ ધર્મના પંચાંગને અનસરતું આવ્યું છે. આ થઈ વિશ્વના વ્યવહારો અને સામાજિક કાર્યો માટે ઉપયોગી અધિકમાસની વાત.

સૂર્યના પરિભ્રમણ સાથે બાર ચંદ્ર માસનો મેળ બેસાડવા અધિક માસ ઉમેરવામાં આવે છે.

આપણો સંપ્રદાય સનાતન હિન્દુ ધર્મને અનુસરે છે અને હિન્દુ ધર્મમાં અધિક માસ (પુરુષોત્તમમાસ)નું વિશેષ મહત્ત્વ છે. અને શ્રાવણ માસની જેમ અતિ પવિત્ર અને ધર્મ ધ્યાનનો માસ ગણવામાં આવે છે. આ માસે શ્રીકૃષ્ણ ભગવાન પોતાના ગુણો, ઐશ્વર્ય, પરાક્રમો, ભક્તિ, સદ્વિચારો, સત્કર્મો જેવી તમામ બાબતો સમર્પિત કરી આ અધિકમાસનો મહિમા વધારેલ છે. આ માસમાં દાનનો મહિમા પણ વિશેષ છે. આ માસ પૂર્ણ નિષ્ઠા અને અડગ આસ્થા સાથે પૂજન, અર્ચન, આરાધના, કીર્તન અને સમર્પણ સાથે ભક્તિ કરી પુણ્ય કમાવાનો માસ છે. આ 'અધિક' માસ છે તેથી પુણ્યકાર્યો પણ અધિક કરવામાં આવે છે. આ માસમાં વ્રતો, શુદ્ધ સંકલ્પો, હોમ-હવન, યજ્ઞો, અનુષ્ઠાન પણ અધિક કરવામાં આવે છે. તેથી પુણ્યનું ભાથું ભરાતું રહે છે. સનાતન હિન્દુ ધર્મમાં કર્મનું પ્રાધાન્ય છે. જો સત્કાર્યો કર્યા હશે તો તે સત્કર્મ ગણાશે અને સ્વર્ગના દ્વાર ખુલશે અને દુષ્કર્મો કર્યા હશે તો નરકમાં જવાનું નક્કી જ છે. સત્કર્મો દ્વારા પુણ્યની પ્રાપ્તિ કરી ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રસન્નતા પ્રાપ્ત કરી, મનન કરી, ચિંતન કરી, પુણ્યનો માર્ગ અપનાવશું તો માનવજીવનો અંતિમ લક્ષ્ય જે છે તે મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થશે તેમાં શંકા નથી. આમ અધિક માસનું ધાર્મિક મહત્ત્વ પણ વિશેષ છે.

જય શ્રીસ્વામિનારાયણ

# સંસ્થા સમાચાર

**રથયાત્રા :** અષાઢી બીજની ભારતભરમાં થતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા ચાલુ વર્ષ ભયંકર વાવાઝોડું 'બિપોરજોય'ને કારણે માત્ર નિજ મંદિરમાં જ્યાં પ્રાતઃસ્મણીય દેવતાઓ બિરાજમાન છે ત્યાં જ ફેરવવામાં આવી હતી. સદ્‌ગુરુ મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત એવમ્ સકળ સંતવૃંદે ઉપસ્થિત રહીને રથયાત્રાનું પ્રસ્થાન એવમ્ પરિભ્રમણ નિજ મંદિરમાં કરાવ્યું હતું. સત્સંગી હરભક્તો વાજતે ગાજતે ભગવાનની રથયાત્રામાં હર્ષોલ્લાસભેર ભાગ લીધો હતો.

**દેવશયની એકાદશી-ચાતુર્માસ પ્રારંભ :** સંવત્ ૨૦૭૯, ગુરુવાર તા.૨૯-૬-૨૩ અષાઢ સુદ એકાદશીના શુભ દિવસથી શ્રીસહજાનંદ સ્વામીની આજ્ઞા મુજબ ચાતુર્માસમાં વિશેષ નિયમો લેવા, તેથી દરેક ભક્તોએ વડીલ સંતો પાસેથી ચાતુર્માસના નિયમો લઈને ભગવાનનું ભજન કરવા લાગી ગયા છે.

સંવત્ ૨૦૭૯, ગુરુવાર તા.૨૯-૬-૨૩ અષાઢ સુદ એકાદશીના શુભ દિવસથી વિલ્સડન યુ.કે. મંદિરના પાટોત્સવ નિમિત્તે ભુજ મંદિરમાં કથાપારાયણનું આયોજન થયું. કથામૃતનું પાન કરવા ગામડેથી પણ હરિભક્તો પધારતા. જેમા સવારે સ્વામી હરિમુકુંદદાસજી શિક્ષાપત્રી ભાષ્યની કથા સંભળાવી રહ્યા છે. અને સાંજે સ્વામી કુંજવિહારીદાસજી શ્રીમદ્‌ભાગવત કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે. આ કથા પારાયણ શ્રાવણ આઠમ (જન્માષ્ટમી) સુધી ચાલશે તો દરેક ભક્તોએ કથામૃતનું પાન કરવા અવશ્ય પધારવું.

**ગુરુપૂર્ણિમાં (વ્યાસપૂર્ણિમા) :** સમગ્ર હિન્દુ સનાતન ધર્મના આદિ ગુરુ એટલે ભગવાન વેદવ્યાસજી. તેમણે વેદના વિભાગ કર્યા અને પુરાણોની રચના કરી. આ મહા યોગદાન દ્વારા ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસ આજે ગૌરવ લઈ શકે છે. અને સ્વામિનારાયણ ભગવાને પણ વ્યાસજીના સિદ્ધાંતને પ્રસ્થાપિત કરી સર્વત્ર પ્રમાણભૂત ગણેલા છે. તેમની સ્મૃતિમાં આજે સંવત્ ૨૦૭૯ સોમવાર તા.૩-૭-૨૩ અષાઢ સુદ પૂનમના દિવસે એક દિવસીય રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા પુરાણી સ્વામી હરિમુકુંદદાસજીએ સભામાં ગુરુ મહિમા અને જીવનમાં ગુરુની જરૂરિયાત તે વિષય વક્તાશ્રીએ મધુર શૈલીમાં શ્રોતાજનોને જ્ઞાનોપદેશ આપ્યો. સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીએ મંદિર, દેવ, ગુરુના મહિમાની વાતો કરી ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. સભાને અંતે દરેક સંતોનું ધોતિયા ઓઢાડી પૂજન કરવામાં આવ્યું. અને સભામાં પધારેલા દરેક ભક્તજનોને પ્રસાદ આપી સભા પૂર્ણ કરવામાં આવી એમ સભા સંચાલક પુરાણી સ્વામી દેવવિહારી દાસજીએ કર્યુ હતું.

**હિંડોળા ઉત્સવ :** અષાઢ વદ બીજ થી શ્રાવણ વદ બીજ એક મહિના સુધી ચાલનારા હિંડોળા મહોત્સવું આપણા વૈષ્ણવી સંપ્રદાય પરંપરા ભક્તિની ઋતુ છે. આ



સમય દરમિયાન ભક્તો ભગવાનને લાડ લડાવવા વિવિધ પ્રકારના અને ભાતભાતની ડિઝાઈનો બનાવી હિંડોળે ઝુલાવે છે.

વિશેષમાં આ વરસે શ્રાવણ માસ અધિક છે તો આપણને બે મહિના સુધી શ્રીહરિના વિવિધ પ્રકારના હિંડોળામાં ઝુલતા દર્શનનો લહાવો મળશે.

**અધિક માસ (શ્રાવણ) :** સનાતન હિન્દુ ધર્મ-સંપ્રદાયમાં ત્રણ વર્ષના સમયાંતરે આવતો અધિકમાસ (પુરુષોત્તમ માસનું) વિશેષ મહિમા છે. આ સમયમાં દાનરૂપી સત્કાર્યો, સ્નાનરૂપી દેહશુદ્ધિ અને જ્ઞાનરૂપી

આત્મશુદ્ધિ દ્વારા ભગવાનને રાજી કરવા વ્રત-ઉપવાસ-ભજન-ભક્તિ વિગેરે સત્કાર્યો કરતા હોય છે.

**અધિકમાસમાં ભુજ મંદિરે સ્તોત્ર પંચકમ્નું અનુષ્ઠાન :** શ્રીનરનારાયણ ભગવાનના શ્રીસાંનિધ્યમાં સ્તોત્ર પંચકમ્નું અનુષ્ઠાનનું આયોજન છે તેમાં પવિત્ર ૧૧ ભૂદેવો દ્વારા જનમંગલ સ્તોત્ર, સર્વમંગલ સ્તોત્ર,



વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્ર, નારાયણ કવચ અને હરિકવચનું અનુષ્ઠાન થઈ રહ્યું છે.

અધિકમાસને અનુલક્ષીને ભુજ મંદિરમાં દરરોજ નવા નવા વરસમાં આવતા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાઈ રહ્યા છે. યજમાનો પણ પોતાની યથાશક્તિ સેવા આપી લાભ લઈ રહ્યા છે. આપ પણ સેવાનો લાભ લઈ શકો છો. મહિના દરમિયાન આ ઉત્સવો ઉજવાઈ રહ્યા છે.

- તા.૧૮-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૧, ફૂલડોલ
- તા.૧૯-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૨, રથયાત્રા, ભાઈબીજ
- તા.૨૦-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૩, પરશુરામ જયંતી
- તા.૨૧-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૩, અક્ષય તૃતીયા (અખાત્રીજ) ચંદનના વાઘા
- તા.૨૨-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૪, ગણેશ ચોથ ગણપતિ પૂજન
- તા.૨૩-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૫, અભિષેક-અન્નકૂટ
- તા.૨૪-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૬, સરસ્વતી પૂજન
- તા.૨૫-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૭, શાકોત્સવ
- તા.૨૬-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૮, ગોપાષ્ટમી, ગાયપૂજન
- તા.૨૭-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૯, રામનવમી, શ્રીહરિ જયંતી
- તા.૨૮-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૧૦, વિજયા દશમી
- તા.૨૯-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૧૧, હાટડી ભરવી
- તા.૩૦-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૧૨, તુલસી વિવાહ
- તા.૩૧-૭-૨૩ અ.શ્રાવણ સુદ-૧૩/૧૪, વનવિચરણ નીલકંઠવર્ણી
- તા.૧-૮-૨૩ અ.શ્રાવણ સુદ-૧૫, જલયાત્રા - જલઝીલણી
- તા.૨-૮-૨૩ અ.શ્રાવણ વદ-૧, રાજાધિરાજ
- તા.૩-૮-૨૩ અ.શ્રાવણ વદ-૨, નૃસિંહ જયંતી
- તા.૪-૮-૨૩ અ.શ્રાવણ વદ-૩, વાસુદેવનારાયણ પ્રતિષ્ઠા-ગઢપુર, મતસ્ય જયંતી
- તા.૫-૮-૨૩ અ.શ્રાવણ વદ-૪, વચનામૃત પૂજન
- તા.૬-૮-૨૩ અ.શ્રાવણ વદ-૫/૬, લોજની વાવ
- તા.૭-૮-૨૩ અ.શ્રાવણ વદ-૭, શીતલા સાતમ
- તા.૮-૮-૨૩ અ.શ્રાવણ વદ-૮, જન્માષ્ટમી
- તા.૯-૮-૨૩ અ.શ્રાવણ વદ-૯, નીલકંઠવર્ણી ભુજમાં રામાનંદ સ્વામી ઉપર પત્ર લખે છે.
- તા.૧૦-૮-૨૩ અ.શ્રાવણ વદ-૧૦, શ્રીઘનશ્યામ મહારાજનો યજ્ઞોપવીત અયોધ્યા
- તા.૧૧-૮-૨૩ અ.શ્રાવણ વદ-૧૧, કુંજગલી
- તા.૧૨-૮-૨૩ અ.શ્રાવણ વદ-૧૧, ગીતા જયંતી-ગીતાજીનું પૂજન
- તા.૧૩-૮-૨૩ અ.શ્રાવણ વદ-૧૨, વામન જયંતી
- તા.૧૪-૮-૨૩ અ.શ્રાવણ વદ-૧૩, શ્રી હનુમાનજીનું પૂજન
- તા.૧૫-૮-૨૩ અ.શ્રાવણ વદ-૧૪, શિવરાત્રી - શિવપૂજન
- તા.૧૬-૮-૨૩ અ.શ્રાવણ વદ-૩૦(અમાસ), અન્નકૂટ ઉત્સવ

★★★★★★★★★★★★★★★★

પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી હિંડોળા ઉત્સવ સમિતિના સંતો વિવિધ પ્રકારના હિંડોળા બનાવવાની સેવા કરી રહ્યા છે.

**સોનાનાં હિંડોળાની સેવા પુજારી મંડળના સંતો :** સ્વામી બાલમુકુન્દદાસજી, સ્વામી વ્રજજીવનદાસજી, ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી, શા.સ્વામી ઘનશ્યામપ્રસાદ દાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી.

**બીજા હિંડોળાની સેવા :** કોઠારી પાર્ષદ ખીમજી ભગત, કોઠારી પાર્ષદ દિનેશ ભગત, કોઠારી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, કોઠારી સ્વામી ભક્તિપ્રકાશ દાસજી, કોઠારી સ્વામી પ્રેમવિહારીદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી જ્ઞાનપ્રિયદાસજી, સ્વામી દેવપ્રસાદદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી.

**લાઈટની સેવામાં :** સ્વામી નીલકંઠસ્વરૂપ દાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી સેવા કરી રહ્યા છે. તેમજ શહેરના તથા ગામડાના યુવાનોની તથા સાંખ્યયોગી બહેનો અને શહેર તથા ગામડાની બહેન દિકરીનોની મોટી સેવા હોય છે. બહુ મોટું આયોજન અને તૈયારી સાથે આ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આ હિંડોળા ઉત્સવ બે મહીના સુધી ચાલશે. સૌ કોઈને લાંબા સમય સુધી દર્શનનો લાભ મળશે.

★★★★★★★★★★★★★★★★

બિપોરજોયા વાવાઝોડાને લઈને કચ્છની વિમાન સેવા, ભુજથી અમદાવાદ સુધીની રેલ્વે સેવા અને માંડવી, અબડાસા, લખપત, નખત્રાણા તાલુકાઓની એસ.ટી. સેવા પણ બંધ કરી દેવામાં આવી હતી. બિપોરજોય વાવાઝોડામાં ભયંકર સ્થિતિ અને અસરનું વર્ણન ન કરી શકાય એવી પરિસ્થિતિની પૂર્વ તૈયારી રૂપે ભુજ મંદિર દ્વારા ૨૦ હજાર ફૂડ પેકેટ, માંડવી મંદિર દ્વારા ૨૦ હજાર ફૂડ પેકેટ અને અંજાર મંદિર દ્વારા ૧૦ હજાર ફૂડ પેકેટ તૈયાર કરીને સરકારશ્રીને સુપ્રત કરવામાં આવ્યા હતા.

★★★★★★★★★★★★★★★★

શ્રીજીમહારાજનું પ્રસાદીભૂત ભુજનું હૃદય સમાન હમીરસરોવર તળાવ ઓગનતા વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ભુજ મંદિરના સંતો સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદી સંતોએ જનમંગલ સ્તોત્રાદિ મંત્રોથી નવા નીરના વધામણાં કર્યા હતા.

શિસલ્સથી મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતે કચ્છ જિલ્લામાં શ્રીકાર વરસાદ થાય, ખેડૂતોનું વર્ષ સારું જાય, અબોલા જીવો માટે ઘાસચારો અને પાણી પૂરતા પ્રમાણમાં મળી એવી લાગણી સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

★★★★★★★★★★★★★★★★

## મેઘપર

મેઘપર મહાદેવ વાડી પર ખુશીના પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી. એમા પધારેલા ભુજ મંદિરના સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદન દાસજી, સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવન દાસજી સાથે વડીલ સંતોમાં સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી વગેરે વડીલ સંતો પધાર્યા હતા. સભા સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. અનેક સંતો અને સાંખ્યયોગી બહેનોની હાજરીમાં અને શ્રીમહાદેવ ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઇ ગોવિંદ હાલાઇ તેમજ તમામ ટ્રસ્ટીઓની સેવા રહેલ. મુરજીભાઈ, લાલજીભાઈ, રૂડાભાઈ, શીવજીભાઈ તેમજ ગામની તમામ સમિતિના કાર્યકરોની હાજરી અને સેવા રહેલ હતી.

મહાદેવ વાડીના વિકાસ માટે મોટી રકમના દાતાશ્રી ધનજીભાઈ નાનજી હાલાઈ હાલે ઓસ્ટ્રેલિયા, કેસરાભાઈ નારાણ હાલાઈ, ધનજીભાઈ સામજી હિરાણી સાથે અનેક દાતાશ્રીઓની હાજરી પણ રહી હતી. ગામના તમામ સત્સંગી ભાઈઓ-બહેનો સાથે સેવાનું કાર્ય કરનાર યુવાન મિત્રો, રાજકીય મહાનુભાવો જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પારૂલબેન કારા સાથે ભુજ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી મંજુલાબેન ભંડેરી પણ હાજર રહ્યા હતા.

મહંત સ્વામી વાડી જોઇને ખૂબ રાજી થયા દિલમાં હાસ્કારો ઉદ્‌ભવ્યો. આટલું સારું કાર્ય થયું છે આમા ભુજ મંદિરની પણ સેવા હોવી જોઈએ, ભુજ મંદિર તરફથી ૨૫૦૦૦ હજારની સેવા નોંધાવીએ છીએ આવા ઉમદા કાર્યમાં અમારો સહયોગ હરહંમેશ રહેશે.

## વિક્રમ સંવત્ ૨૦૭૯-૨૦૮૦, વર્ષ ૨૦૨૩-૨૦૨૪
## ભુજ મંદિરમાં ૮ મંડળના સંતોની એક વર્ષ માટે સેવાની વરણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ અને દેશ-વિદેશના સત્સંગ સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવામાં આવે છે. જે મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ.કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં સર્વે સંતોની બેઠકમાં નીચે મુજબના મંડળધારી સંતોને સંવત્ ૨૦૭૯ જેઠ સુદ-૨ રવિવાર તા.૨૩-૫-૨૦૨૩ ના રોજ દેશ-વિદેશ અને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ અલગ સેવા સોંપવામાં આવી હતી. તે નીચે મુજબના સંતો સંભાળશે.

**૧. સદ્ગુરુ સ્વામી કેશવજીવનદાસજીનું મંડળ : અંજાર મંદિર : મંહત સદ્ગુરુ સ્વામી કેશવજીવનદાસજી** મંડળને શ્રીઘનશ્યામ મહારાજની સેવા પૂજા તથા અંજાર વિસ્તારના ભીમાસર, હિરાપર, નિંગાળ, સિનુગ્રા, દેવડિયા, કુંભારીયા.આદિ ગામોમાં કથાવાર્તા, ઉત્સવો પારાયણો ઉજવણી.

★કોઠારી સ્વામી ★લંડન, કેન્ટન-હેરો તથા સ્ટેનમોર મંદિરના શ્રીઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે યુ.કે. દ્વિતીય સત્સંગ પ્રવાસ(ડિસેમ્બર). પ્રવાસે સત્સંગ વિચરણ.

**૨. સદ્ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીનું મંડળ : ભુજ મંદિર શ્રીઠાકોરજીની સેવા** શ્રીનરનારાયણાદિ દેવોની સેવા પૂજા કરવી.

**પ્રથમ આફ્રિકા સત્સંગ પ્રવાસ :** આફ્રિકા ખંડમાં રહેતા હરિભક્તોને સત્સંગનો લાભ આપવા માટે પૂર્વ આફ્રિકાના દેશોમાં સત્સંગ વિચરણ.

★શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ગાંધીધામનું સંચાલન કરવું. સંચાલક પુરાણી સ્વામી મુકતવલ્લભદાસજી તથા સ્વામી ધર્મકિશોરદાસજી

**૩. સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીનું મંડળ : માંડવી મંદિર મંહત સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી** શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રીઘનશ્યામ મહારાજની સેવા પૂજા અને માંડવી વિસ્તારમાં કથાવાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી.

★કોઠારી : ★ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા હરિભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ.

★શ્રી હરિ તપોવન ગુરુકુળ ગંગાજી-રામપરનું સંચાલન કરવું. સંચાલક શા. સ્વામી દેવચરણદાસજી.

**૪. સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીનું મંડળ : મુંબઇ-થાણા, યાત્રા ભારત સત્સંગ વિચરણ, નાની વાગડ** :- માધાપર જુનોવાસ-નવોવાસ, હરિપર, ભચાઉ, નવાગામ, ખોખરા, ચીરઇ, ખારોઇ, ચોબારી, આધોઇ, કંથકોટ, સરદાર નગર, ધાણેટી, દુધઇ, ઇન્દ્રપ્રસ્થ, ધમડકા. આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

★શ્રી સહજાનંદ ગુરુકુલનું સંચાલન કરવું. સંચાલક સ્વામી ઉત્તમપ્રિયદાસજી, પુ. સ્વામી આનંદસ્વરૂપ દાસજી

**૫. સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીનું મંડળ : મુંબઇ વિશ્રાંતિ ભુવન-વિલેપારલે, રામપર દેશ** :- મીરજાપર, ગોડપર, દહીંસરા, સરલી, રામપર જુનોવાસ-નવોવાસ, વેકરા, વાડાસર, સામત્રા, મેઘપર, નારાણપર ઉપલોવાસ-નીચલોવાસ, સુરજપર.આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

★શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાપર (વાગડનું) સંચાલન કરવું. સંચાલક સ્વામી

**૬. સદ્ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીનું મંડળ : પ્રસાદી મંદિર મંહત સદ્ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી : અબડાસા દેશ,** શ્રીઘનશ્યામ મહારાજની સેવા પૂજા

કરવી તથા અબડાસા દેશમાં આવતા ગામડાંઓ- રવાપર, આમારા, ઘડાણી, નેત્રા, રસલીયા, દયાપર, દોલતપર, અંગીયા, સાથે ભારાસર, સુખપર રોહા, આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

★કોઠારી સ્વામી **પ્રથમ યુ.કે. સત્સંગ પ્રવાસ** : વિલ્સડલેન, બોલ્ટન, ઓલ્ડહામ, વુલ્વીચ, ઈસ્ટ લંડન અને કાર્ડીફ મંદિરના પાટોત્સવ પ્રસંગે યુ.કે.માં સત્સંગવિચરણ.

★શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ નારણપરનું સંચાલન કરવું. સંચાલક સ.ગુ. સ્વામી નારાયણવલ્લભદાસજી તથા સ્વામી ધર્મચરણદાસજી

**૭. ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજીનું મંડળ : રાપર (વાગડ) દેશ :** આફ્રિકા દ્વિતીય સત્સંગ પ્રવાસ (ડિસેમ્બર), રાપર, નવાપરા, કલ્યાણપર, રત્નેશ્વર, સેલારી, સગરામસર, શિવગઢ, ઉમૈયા, પદમપર, નવાપર, સણવા, આડેસર, પલાંસવા, ગાગોદર આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

★શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ માંડવીનું સંચલાન કરવું. સંચાલક શા. સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી પૂર્ણપ્રકાશદાસજી.

**૮. સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજીનું મંડળ : અમદાવાદ ભાટ વિશ્રાંતિ ભુવન :** સુખપર દેશ, સુખપર, મદનપુર, નરનારાયણ નગર, માનકુવા, ભક્તિનગર, કોડકી, ફોટડી, કેરા-કુન્દનપુર, બળદિયા ઉપલોવાસ-નીચલોવાસ, મુન્દ્રા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

### ભુજ મંદિરમાં સ્થાનિક સેવામાં સંતોની વરણી

:: મુખ્ય કોઠારી ::

ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્‌જીવનદાસજી

:: મુખ્ય કોઠારી ::

પુરાણી સ્વામી દેવપ્રકાશદાસજી

:: સહ કોઠારી ::

શા.સ્વામી ભક્તિપ્રકાશદાસજી

:: સહ કોઠારી ::

શા.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

:: કોઠારી ::

સ્વામી દેવવિહારીદાસજી, સ્વામી પ્રેમવિહારીદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી

:: ભોજનાલય ::

પુરાણી સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી
શા. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી

:: પાકશાળા ::

શા.સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, કો.સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દર્શનપ્રકાશદાસજી

:: દુધ તથા છાશવાળા ::

સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી સત્સંગસેવકદાસજી, સ્વામી બ્રહ્મમુનિદાસજી

:: ભંડાર ::

સ્વામી ઉત્તમચરણદાસજી,
સ્વામી અક્ષરસ્વરૂપદાસજી,
સ્વામી કૃષ્ણવિહારીદાસજી

:: સહજાનંદ બાગ(લેર) અને નરનારાયણદેવ બાગ (રેલડી) વાડી ::

સ્વામી જગજીવનદાસજી,
સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી

:: ફૂલવાડી અને રાવલવાડી ::

સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી વાસુદેવપ્રસાદદાસજી

:: ફૂલસેવા ::

સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી જ્ઞાનપ્રિયદાસજી

:: લાઈટ ::

સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી

:: પાણી ::

સ્વામી વેદપ્રકાશદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી

:: સ્મૃતિ મંદિર ::

સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી,
સ્વામી ધર્મવિહારીદાસજી



# વિલેપાર્લા–મુંબઈ મધ્યે
# વિવિધ ઉત્સવો

### રથયાત્રા મહોત્સવ


સંવત્ ૨૦૭૯ અષાઢ સુદ -૨, તા.૨૦-૬-૨૩ના રોજ ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન મુંબઈ વિલેપાર્લા દ્વારા પાર્લા વિસ્તારના મુખ્ય માર્ગ ઉપર બપોર પછી ૪ થી ૭ દરમિયાન વાજીંત્ર મંડળી બેન્ડપાર્ટી સાથે મંદિરે પહોંચી હતી. પાર્લા મંદિર તથા થાણા મંદિરના સંતો દ્વારા શ્રીજગન્નાથ ભગવાનના પૂજન સાથે રથ સંતો-ભક્તો દ્વારા હાથથી ખેંચી રસ્તામાં જય જગન્નાથ જય જગન્નાથના બુલંદ નાદ સાથે રસ્તાની સફાઈ સાથે બહેનો પણ આ રથને ખેંચવાની સેવા કરી હતી. આમ મુંબઈના અલગ અલગ વિસ્તારના ભક્તો-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. મંદિરે જગન્નાથ ભગવાન સાથે રથ પહોંચ્યા બાદ સમાપન પૂજન આરતી બાદ શ્રી ઠાકોરજીને મંદિરમાં પધરાવી સંધ્યા આરતી નિત્ય-નિયમ બાદ સભાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંતોના આશીર્વાદ સાથે આ કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યો હતો. આવનાર દરેક ભક્તો મહાપ્રસાદ લીધો હતો. કોઠારી સ્વામી રામપ્રિયદાસજી આદી સંતો કચ્છી શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો ટ્રસ્ટીઓ આ કાર્ય સફળ બનાવવા ખૂબજ સેવા આપી હતી. સ્વામી અક્ષરપ્રિયદાસજી સંચાલકશ્રી વિશ્રાંતિ ભુવન-પાર્લા, સ્વામી પરમહંસદાસજી મહંત સત્સંગ ભુવન-થાણાના સંતોએ સર્વેને સેવા બદલ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.


### ચાતુર્માસ કથા

પાર્લા સત્સંગ ભવનમાં ચાતુર્માસ દરમિયાન ભુજ મંદિરની પરંપરા મુજબ શ્રીશિક્ષાપત્રી ભાષ્ય સવારે અને બપોરપછી શ્રીમદ્ભાગવત કથાનો પ્રારંભ કરાયો છે. સ્વામી અક્ષરપ્રિયદાસજી શિક્ષાપત્રી ભાષ્ય અને સ્વામી તીર્થમુનિદાસજી શ્રીમદ્ભાગવતની કથા સંભળાવી રહ્યા છે. પાર્લા વિસ્તારના બહેનો-ભાઈઓ મોટી સંખ્યામાં હાજર રહી આ કથાવાર્તાનો લાભ લઈ રહ્યા છે.

### વિશેષ ૨૫ હિંડોળા ઉદ્દ્ઘાટન

પાર્લા મંદિરે અષાઢ વદ-૧ તા.૪-૭-૨૩ મંગળવારના હિંડોળા ઉત્સવ પ્રારંભ કરવામાં આવેલ છે. શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભવનને ૨૫ વર્ષ થતાં હોવાથી સંતો તથા ટ્રસ્ટીઓ મળીને નિર્ણય કર્યો કે ૨૫ હિંડોળા બનાવી શ્રીઠાકોરજીને ઝુલાવી રાજીપો મેળવીએ એના માટે ઓછી જગ્યામાં ૨૪ હિંડોળાની સરસ ગોઠવણીનું રૂપ આપવામાં કોઠારી સ્વામી





રામપ્રિયદાસજી તથા યુવક મંડળના યુવાનો તથા રાપર-સેલારીથી આવેલ સાંખ્યયોગી બહેનો તથા યુવતી મંડળના બહેનોએ રાત દિવસ હિંડોળા ગોઠવવામાં સેવા આપી હતી. આ હિંડોળા જાણે ગઢપુરમાં ત્રણે બાજુ દરબાર અને દરબારની ચાલીમાં ૨૪ હિંડોળા ગોઠવવામાં આવ્યા હોય એવું દૃશ્ય લાગે છે. તા.૧૬-૭-૨૩ અષાઢ વદ-૧૪ રવિવારે આ વિશેષ હિંડોળાનું ભુજથી પધારેલ મંડળધારી સંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીની ઉપસ્થિતિમાં ૨ યજમાનોની વરણી કરવામાં આવી હતી. અને બાકીના ૨૩ યજમાનો સાથે ધામધૂમથી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. કોરઈબેન પુંજા જીવા નિસર, હ.સાવિત્રીબેન ઘનશ્યામ પૂંજા નિસર પરિવારે મુખ્ય હિંડોળાની સેવા મોટો આંક આપી લીધી હતી. અને લક્ષ્મીબેન નોંધા ખુથીયા, હ. કુંવરજીભાઈ, ખીમજીભાઈ, શાંતિભાઈ સપરિવારે બીજો હિંડોળાના યજમાન બની હિંડોળાની સેવા લીધી હતી. કથા સ્વામી તીર્થમુનિદાસજીએ સંભળાવી હતી. સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી પરમહંસદાસજી, શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી રામનુજદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં યજમાનો સાથે રહી સંતોએ આરતી કરી હિંડોળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ યજમાન પરિવારના બહેનોએ સાંખ્યયોગી બહેનો સાથે રહી આરતી કરી હતી. અને ત્યારબાદ બધાજ હરિભક્તોએ દર્શનનો લાભ લઈ અહો... અહો... થયા હતા. જાણે કે ગઢપુરમાં ૨૦૦ વરસ પહેલાં જેમ મહારાજ ઝુલતા, દાદાખાચર, જીવુબા-લાડુબા ઝુલાવતાં એવોજ અહેસાસ અહીંના હરિભક્તોને થયો હતો. પધારેલ સૌ હરિભક્તોને મહાપ્રસાદ અપાયો હતો. અને પાર્લા વિશ્રાંતિ ભવનનો આગામી તા.૫-૨-૨૦૨૪ સોમવાર થી તા.૧૧-૫-૨૦૨૪ રવિવાર આમ ૭ દિવસનો રજત જયંતિ મહોત્સવ ઉજવાશે. આ પ્રસંગે સૌ ભક્તોને તન-મન-ધનથી ઉત્સાહપૂર્વક જોડાવા ભલામણ કરાઈ હતી.

## અધિકમાસની ઉજવણી

તા.૧૮ જુલાઈથી ૧૬ ઓગષ્ટ ૨૦૨૩ દરમિયાન આવતા અધિકમાસમાં પાર્લા વિશ્રાંતિ ભવન મંદિરમાં વરસમાં આવતા દરેક ઉત્સવો ઉજવવાનું નક્કી કરેલ છે. એ મુજબ તા. ૧૮ ના પ્રથમ દિવસેજ એકમ હોવાથી અન્નકૂટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ રીતે રોજ-રોજ નવા ઉત્સવોની તૈયારી કરી રહ્યા છે. બહેનોને લગતી સેવા બહેનો સંભાળે છે.અને રોજના અલગ અલગ યજમાનો પોતાની સેવા આપી આ ઉત્સવમાં ઉત્સાહ વધારી રહ્યા છે. વિશેષ ભજન સાથે ઉજવાતા પુરુષોત્તમ માસમાં હરિભક્તોમાં ખૂબજ ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

**અહેવાલ : સ્વામી રામાનુજદાસજી**

### માંડવી શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજની સેવામાં

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી તા.૨૬-૫-૨૩ ને શુક્રવારના પવિત્ર દિવસે સદ્‌ગુરુ પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી પોતાના સંત-મંડળને લઈને માંડવી શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજ તથા બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની એક વર્ષ માટે સેવામાં પધાર્યા. આ પ્રસંગે નવા સંતોનું આગમન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પધારેલા સંત-મંડળનું ફૂલહાર પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. સભામાં પધારેલા હરિભક્તોને મહંત સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતા તથા હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

### અંતર્ધાનલીલા મહોત્સવ

તા.૨૮-૫-૨૩ થી ૩૦-૫-૨૩ સુધી સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની ૧૯૩મી તિરોધાનલીલાના ઉપક્રમે શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીમાં સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના સંકલ્પથી ત્રિદિનાત્મક અંતર્ધાન મહોત્સવનું આયોજન ગામ નારાણપર નીચલાવાસનાં અ.નિ. માતુશ્રી રતનબાઈ મુળજી હાલાઈ ભગવાનના ધામમાં ગયા તેમની પુણ્ય સ્મૃતિમાં કરવામાં આવ્યું હતું. યજમાનપદે તેમના સુપુત્ર પ.ભ.કલ્યાણભાઈ મુળજી હાલાઈ સમગ્ર પરિવાર રહ્યો હતો. કથાના વક્તા શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ વ્યાસાસને બિરાજી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ઐશ્વર્ય-પ્રતાપની તથા તિરોધાનલીલાની કથા સંભળાવી હરિભક્તોને કથાવાર્તાથી રસતરબોળ કર્યા હતા. કથામાં પધારેલા યજમાન પરિવાર તથા શ્રોતાજનોને દરરોજ વડિલ સંતોએ આશીર્વાદ આપ્યા હતા. જેમાં શા. સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા પુરાણી સ્વામી શાંતિપ્રિય દાસજી તથા મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજીએ યજમાન પરિવારની શ્રીનરનારાયણદેવ પ્રત્યે રહેલી દૃઢ નિષ્ઠા તથા સત્સંગમાં રહેલાં સમર્પણને બિરદાવ્યું હતું. તેમજ સંતોની આજ્ઞામાં રહીને સત્સંગ કરવાની ભલામણ કરી હતી. યજમાનશ્રીનાં આમંત્રણથી ત્રણ દિવસ કથાનું શ્રવણ કરવા માટે ગામ નારાણપરથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. સમગ્ર મહોત્સવને દિવ્ય બનાવવા માટે કોઠારી સ્વામી શ્રીજીનંદન દાસજીના માર્ગદર્શન પ્રમાણે નાના-મોટા સંતોએ જહેમત ઉઠાવી હતી. કથાનું સંચાલન પુરાણી સ્વામી કેશવપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

### ભવ્ય આમ્રોત્સવ તથા જલયાત્રા મહોત્સવ

તા.૪-૬-૨૩ રવિવારના પવિત્ર દિવસે શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજની આગળ ભવ્ય જલયાત્રા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના પવિત્ર પૂર્ણિમાના દિવસે ઠાકોરજીની મંગળા આરતી કરીને શ્રીઘનશ્યામ મહારાજને કેશરયુક્ત જળથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઠાકોરજી આગળ વર્ષના પ્રથમ ઉત્સવના ભાગરૂપે ભવ્ય આમ્રોત્સવ કરવામાં આવ્યો હતો. જેમાં કેસર, તોતાપુરી, લંગડો, આફુસ કેરીનો તથા બોટલમાં આમ્રરસ ભરીને અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. આમ્રોત્સવના યજમાન ગામ ગોધરાના પ.ભ.રવજીભાઈ મેઘજી હાલાઈ તથા ગામ કોડકીના પ.ભ.રૂડાભાઈ રવજી કેરાઈ રહ્યા હતા. સંતોની સાથે યજમાનશ્રીઓએ શ્રીઠાકોરજીની અન્નકૂટની આરતી ઉતારી સંતો તથા ભગવાનની કૃપાપાત્ર થયા હતા. મંડળના નાના-મોટા સંતોએ અન્નકૂટ ગોઠવવામાં મદદરૂપ થયા હતા.

### બિપોરજોય વાવાઝોડામાં ક્ષતિગ્રસ્ત થયેલાની મદદે શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી

તા.૧૬-૬-૨૩ શુક્રવારની રાત્રીએ ગુજરાત તથા કચ્છ ઉપર ત્રાટકેલા ભયંકર બિપોરજોય વાવાઝોડામાં અનેક નુકશાનીનો સામનો કરવો પડ્યો. અનેક લોકો ઘરબેઘર થયા, અનેક વૃક્ષો ધરાશાયી થયાં. અનેક મકાનો પડ્યાં. અનેક મૂંગા પશુ-પક્ષીઓ હોમાઈ

ગયાં. ત્યારે આ વિનાશકારી વાવાઝોડામાં વિશેષ કરીને દરિયા કિનારે આવેલાં શ્રી સ્વામિનારાયણ મંદિરને ખૂબ નૂકશાની પહોંચી. ૨૫ વર્ષથી દર્શાનાર્થીઓને ભર ઉનાળે તાપમાં છાંયડો આપીને મદદરૂપ થયેલા મંદિરના પટ્ટાંગણમાં ઊભેલા ૩ વિશાળ લીંબડાઓ મૂળમાંથી ધરાશાયી થયા. કથાના કેન્દ્ર સમાન અડિખમ ઊભેલા શ્રીસહજાનંદ સભામંડપમાં રહેલ સિલિંગને ભારે નુકશાન થયું. સંતોના ઉતારા ઉપર રહેલા નળિયાનું ઊડી જવું. મંદિરના શિખર ઉપર રહેલ આસ્થાનું કેન્દ્ર બિંદુ સમાન વિજયધ્વજ પણ પૃથ્વી ઉપર ધરાશાયી થયો. તેમજ વાડી વિસ્તારમાં રહેલા હરિભક્તોને પણ ખૂબ નુકશાન થયું. આ વાતની જ્યારે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીને ખબર પડી ત્યારે ખૂબ દુઃખ થયું અને બીજે દિવસે સવારે દુઃખિયા જીવોની મદદે, માંડવીના હરિભક્તોની ખબરઅંતર પૂછવા તેમજ માંડવી મંદિરમાં થયેલ નુકશાનને જોવા માટે ભુજથી મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી વગેરે સંતો દોડી આવ્યા. હરિભક્તોની વાડીમાં થયેલાં નુકશાન તથા મંદિરમાં થયેલા નુકશાનને જોઈને સંતો દિલગીર થયાં. ત્યારપછી મંદિરના સભામંડપમાં મહંત સ્વામીએ સભાનું આયોજન થયું. જેમાં માંડવીના ચારે કાંધાના હરિભક્તો પધાર્યા હતા. ત્યારે દયાળુ મૂર્તિ કચ્છ સત્સંગના ગુરુ આપણા મહંત સ્વામીએ બિપોરજોય વાવાઝોડામાં ભોગ બનનાર જે કોઈ હરિભક્ત હોય, જરૂરિયાતમંદ ગરીબો હોય તેમને આ સંકટ સમયે આર્થિક સહયોગ પેટે અનાજ, પતરાં, સિમેન્ટ તેમજ આવશ્યક વસ્તુઓ આપવાની જાહેરાત કરી હતી. તેમજ જ્યારે જરૂર પડે ત્યારે આર્થિક સહયોગ માટે ભુજ મંદિર તથા માંડવી મંદિર તમારી સાથે છે. એવી બાહેંધરી આપી સહુ હરિભક્તોને ધીરજ આપી હતી.

અહેવાલ - શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી-માંડવી

## શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા, સુખપર-ભુજ (કચ્છ)

# સરસ્વતી સન્માન સમારોહ



તા.૨-૭-૨૩ના રોજ શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા સુખપર ભુજમાં સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજથી સ્વામી દેવસ્વરૂપદાસજી તથા સ્વામી કૃષ્ણવિહારી દાસજી, સ્વામી સંતદાસજી તથા સંસ્થાના પ્રમુખ શીવજીભાઈ પાધરા, મંત્રી જેન્તીભાઈ રાબડીયા, ખજાનચી કાનજીભાઈ વાગડીયા તથા ટ્રસ્ટી પ્રેમજીભાઈ વાગજીઆણી, દેવજીભાઈ, નારાણભાઈ, કરસનભાઈ હાલાઈ આદી ટ્રસ્ટીઓએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યારબાદ ઋષિકુમારો દ્વારા સસ્વર વેદમંત્રોનું ગાન કર્યું. ત્યારબાદ છાત્રો દ્વારા સ્વાગત ગીત અને પુષ્પહારથી સંતો અને અતિથિઓનું સ્વાગત પૂજન કરવામાં આવ્યું.

ત્યારબાદ પાઠશાળાના આચાર્ય દુર્ગેશભાઈ ભટ્ટે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પાઠશાળાની પ્રગતિ અને પરિણામોનાં અહેવાલ રજૂ કર્યો. ત્યારબાદ ધોરણ ૯ થી ૧૨ માં પ્રથમ ક્રમાંક આવનાર પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ઈનામની જાહેરાત કરી. અને ટ્રસ્ટીઓ અને સંતોશ્રીના હસ્તે ઈનામો અપાયા હતા.

અહેવાલ : પ્રધાન આચાર્ય શ્રીસ્વામિનારાયણ પાઠશાળા







## શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ તાબાનું ભારાપર(માંડવી)માં

# નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત-શિલાન્યાસ વિધિ

માંડવી વિસ્તારના ભારાપર ગામના હરિભક્તોની માંગને ધ્યાનમાં લઈ ભુજ મંદિર દ્વારા વિશાળ જગ્યામાં નવા મંદિરનું નિર્માણકાર્ય નક્કી કરેલ છે. જે મંદિર માટે દાતાશ્રી પ.ભ. કરસનભાઈ નાનજી શીયાણી પરિવાર દ્વારા ભુજ મંદિરને જમીન અર્પણ કરવામાં આવેલ જે જગ્યાએ શિલાન્યાસવિધિ સંવત્ ૨૦૭૯ જેઠ વદ-૫ દિનાંક. ૮/૬/૨૦૨૩ ગુરુવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે શુભ મુહૂર્તમાં ભુજ મંદિરના મહંત સ્વામીના વરદ્ હસ્તે કરવા આવેલ છે. આ પ્રસંગે ભુજ મંદિરના ઉપમહંત સ.ગ.સ્વામી ભગવદ્જીવનદાસજી, માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી હરિબળદાસજી, અંજાર મંદિરના મહંત સ.ગુ.સ્વામી કેશવજીવન દાસજી, સદ્ગુરુ સ્વામી માધવપ્રસાદ દાસજી, પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી અક્ષરપ્રકાશદાસજી, કોડાય ગુરૂકુળના સંચાલક શા. સ્વામી કૃષ્ણજીવન દાસજી, ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશ દાસજી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માંડવી મહિલા મંદિરના મહંત સાંખ્યયોગી રતનબાઈ તથા ઉપમહંત કાનબાઈ આદિ સાંખ્યયોગી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

તથા માંડવી મંદિરના ટ્રસ્ટીઓ, પિયાવા હોસ્પિટલ, કન્યા વિદ્યામંદિરના ટ્રસ્ટીઓ, પિયાવા, મસ્કા, કોડાય, નાગલપર, જખણીયા, ભારાપર, ડોણ, આસંબીયા, ગોધરા વિસ્તારના હરિભક્તો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કથા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સંભળાવી હતી. સભા સંચાલન શા.સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. લગભગ ૨ કરોડ જેટલી સેવા આજના દિવસે દેશ-વિદેશના ભક્તો દ્વારા નોંધાઈ હતી.

# પંચ રાત્રીય સત્સંગ સભા ભક્તિનગર-માનકુવા

માનકુવા ભક્તિનગરમાં શ્રીસ્વામિનારાયણ મંદિરનાં આંગણે તા.૩૦-૬-૨૩ થી તા.૪-૭-૨૩ સુધી પંચ રાત્રીય સત્સંગ સભાનું આયોજન કરેલું હતું. રોજ અલગ અલગ વક્તાથી યુવાનોને ભગવાનને સહેલાઈથી કેવી રીતે પામી શકાય તે માટેના વિવિધ વિષયો લઈને વક્તાશ્રીઓએ સમજાવ્યું હતું.

પ્રથમ દિવસે વક્તા શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીના શ્રીમુખે 'તમે ભાવે ભજી લ્યો ભગવાન' આ વિષય દ્વારા ભગવાનને કેવા ભાવથી ભજવા એ વિષય પર, વિસ્તારથી અને સરળ રીતે બધાજ ભક્તો સમજી શકે તે રીતે વાત કરી હતી.

બીજા દિવસે સ્વામી હરિસ્વરૂપદાસજીએ 'તેનો સંગ શીદ તજીએ' આ કીર્તન પર ભગવાન અને ભગવાનનું ધ્યાન કરતા સંતો-હરિભક્તોનો સંગ કેવો કરવો જેનાથી જીવાત્માને ભગવાન ભજવાનું બળ મળે છે. સત્-અસત્‌ની વ્યાખ્યા વિસ્તારથી સમજાય એવી વાતો કરી હતી અને બધાને આ કીર્તન રોજ એકવાર બોલવાની ભલામણ કરી હતી.

ત્રીજા દિવસે શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપ દાસજીએ 'सेवा धर्मः परम गहनः' આ સંસ્કૃત વિષય લઈને સેવા કરવાથી જીવને ભગવાનની પ્રાપ્તિ સહેલાઈથી થાય છે, અને સેવાથી કેવા સુખની પ્રાપ્તિ થાય છે એ વિસ્તારથી સમજાવ્યું હતું. અને

ચોથા દિવસે ગુરુપૂર્ણિમા પર્વ નું વિશેષ આયોજન હતું. જેમાં આપણા બધાના ગુરુરૂપ ભગવાન શ્રીસહજાનંદ સ્વામી મહારાજનું ષોડ્શોપચારથી પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના જ ભક્તો દ્વારા મહારાજ જયારે આલોકમાં પ્રત્યક્ષ હતા ત્યારે મહારાજની સાથે આવેલા કચ્છનાં મુક્તો જેવાકે, અદાભાઈ, સુંદરજી સુથાર, હીરજી સુથાર, નાથા સુથાર, વિશ્રામ શીયાણી, કચરા ભગત, કૃષ્ણજી અને મુળજી, ખૈયા ખત્રી વગેરે મહારાજની સાથે રહેનારા મુક્તોના વેશભૂષા ધારણ કરીને મહારાજનું ષોડ્શોપચારથી પૂજન કરવામાં આવ્યું હતું. અને અંતમાં સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજીએ આશીર્વાદ આપ્યા હતા.

પાંચમા દિવસે સંગીત સંધ્યાનું આયોજન હતું. જેમાં નંદસંતો રચિત કીર્તન-ભજનો દ્વારા સંગીતકાર સંતોના શ્રીમુખે સાંભળ્યા હતા. અને બધાજ હરિભક્તોને રાજી કર્યા હતા. તેમાં ગવૈયા સંતો સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપ દાસજી અને સ્વામી વાસુદેવપ્રિયદાસજીના મધુર અવાજમાં સંભળાવી અને બધાને રાજી કર્યા હતા.

આમ પંચ રાત્રીય સત્સંગ સભાનું આયોજન કરેલ હતું. અને આયોજનને પાર પાડવા માટે મંદિરની કાર્યવાહક કમિટી અને કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળની સુહૃદ સમિતિ તથા યુવતી મંડળની યુવતીઓએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ- કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ - ભક્તિનગર-માનકુવા



# વિદેશની ધરતી ઉપર રથયાત્રા મહોત્સવ ઉજવાયો-યુ.કે.

પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં જગન્નાથપુરી અને ત્યાં બિરાજમાન જગન્નાથ ભગવાનનો ખૂબજ મહિમા વર્ણવેલ છે. આ મહિમાને અનુલક્ષીને હેરો, સ્ટેનમોર મંદિર યુ.કે. માં તા.૧૮-૬-૨૩ રવિવારના ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું.





આ રથયાત્રાનો પ્રારંભ શ્રીસ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરથી કરવામાં આવેલ. રથમાં બિરાજમાન જગન્નાથ ભગવાનની પધરામણી શ્રીકચ્છ સત્સંગ શ્રીસ્વામિનારાયણ મંદિર હેરો મધ્યે કરવામાં આવેલ.

આ રથયાત્રામાં બહોળી સંખ્યામાં હરિભક્તો યુ.કે. મંદિરના આમંત્રિત મહેમાનો, સરકારી કર્મચારીઓ, બ્રિટીશ નાગરિકો, અબાલવૃદ્ધ જોડાયા હતા. સ્ટેનમોરથી હેરોના માર્ગમાં સંગીતની સૂરાવલિ સાથે ભગવાનનો જયઘોષ ઉચ્ચારતા ઉત્સવની શોભા વધારતા તમામ મંદિરે પહોંચ્યા હતા.



કોરોનાકાળ પછી આ પ્રથમ રથયાત્રાનું આયોજન કરાયું હતું. આ વખતે સ્ટેનમોરથી હેરો રૂટ રાખવામાં આવેલ હતો. આ રથયાત્રા દરમિયાન ઈન્દ્રદેવ સ્વયં ભગવાનનું સ્વાગત કરવા માટે તત્પર હોય તેમ મીઠો ઝીણો વરસાદ વરસાવી અમીછાંટણાં કર્યા હતાં.

આ રથયાત્રામાં આશરે ૩૫૦૦ થી ૪૦૦૦ હરિભક્તો જોડાયા હતા. આ ઉત્સવમાં બંને મંદિરના યજમાનો, દાનવીરો દાતાઓએ ખૂબજ નોંધનીય સેવા કરી હતી. ઉત્સવમાં સ્વયંસેવકોની ટૂકડીની સેવા સરાહનીય રહી હતી. આ સેવા આપવા બદલ બંને મંદિરો આભારની લાગણી વ્યક્ત કરે છે.

સવારના નાસ્તારૂપી પ્રસાદ સ્ટેનમોર મંદિર તરફથી આપવામાં આવેલ. રથયાત્રા પૂર્ણ થયા બાદ સર્વે હરિભક્તોને હેરો મંદિર તરફથી મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અહેવાલ - હેરો મંદિર અને સ્ટેનમોર મંદિર



# શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર-વુલ્વીચ-લંડન

તા.૧૦-૦૬-૨૦૨૩ શનિવાર સાંજના ૬ વાગ્યે શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વિચ(લંડન) મંદિરની વાર્ષિક સામાન્યસભા બોલાવવામાં આવેલ જેમાં તમામ ભક્તજનો ભાઈઓ અને બહેનો મોટા પ્રમાણમાં હાજરી આપેલ.

પ્રથમ સભાનો સમય થતાં ઉપસ્થિત તમામ ભક્તજનોની રજાથી સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ.

પ્રથમ સભામાં ઉપસ્થિત તમામ ભક્તજનોનું પ્રમુખશ્રી પરબતભાઈ શિવજી કેરાઈએ સ્વાગત સન્માન કરેલ. ત્યારબાદ મંત્રીશ્રી હરીશભાઈ ધનજી હિરાણી જનરલસભાની મીટીંગ નોંધ તથા ગત વર્ષનો મંદિરનો અહેવાલ વાંચી સંભળાવેલ અને તમામ સભાજનોએ માન્ય રાખેલ.

ત્યારબાદ ગત વર્ષના મંદિરનો આવક-જાવકનો હિસાબ મંદિરના એડવાઈઝર રાજેશભાઈ હરજી કેરાઈએ વાંચી સંભળાવેલ. તેમાં કોઈ સુધારો ન જણાતાં સર્વાનુમતે માન્ય રાખેલ ત્યારબાદ સભામાં ઉપસ્થિત થતા પ્રશ્નોના જવાબો સંભા સંચાલકે સંતોષકારક આપેલ અને સભાજનોએ સંતોષ વ્યક્ત કરેલ. ત્યારબાદ આગામી વર્ષ માટે મંદિરની સેવામાં નવી કાર્યવાહી કમિટીની નિમણુંક કરવામાં આવેલ તે આ પ્રમાણે છે.

**પ્રમુખશ્રી :** પરબતભાઈ શિવજી કેરાઈ, માંડવી, **ઉપપ્રમુખશ્રી :** ધનજીભાઈ પ્રેમજી કાનજી, રામપર, **મંત્રીશ્રી :** હરીશભાઈ ધનજી હિરાણી, અંજાર, **ઉપમંત્રીશ્રી :** નિલેશ ભીમજી પીંડોરીયા, આ.સુખપર, **સહમંત્રીશ્રી :** મેહુલ નિરજી ભુડિયા, નારાણપર, **ખજાનચીશ્રી :** પરબત પ્રેમજી રૂડા, વેકરા, **ઉપ ખજાનચીશ્રી :** ધનજી માવજી કેરાઈ, રામપર, **સહ ખજાનચીશ્રી :** ધર્મેન્દ્ર જાદવા કેસરા, બળદિયા, **વેડિંગ હોલ મેનેજમેન્ટ :** અરવિંદ સામજી ભંડેરી, વેકરા, **આઈટી લીડ :** હીરજી પ્રેમજી હાલાઈ -માંડવી, **સુરક્ષા લીડ :** જયંતિ લક્ષ્મણ કેરાઈ -રામપર, **ફાયર સેફટી લીડ :** સુનિલ શિવજી આસાણી -માંડવી, **મેઈન્ટેનન્સ લીડ :** ધનજીભાઈ પ્રેમજી કાનજી -રામપર, **ઉત્સવ લીડ :** હરેશ નારાણ વેકરીયા -માંડવી, **કાર પાર્ક મેનેજમેન્ટ :** રમેશ પ્રેમજી હાલાઈ-માંડવી, **યુવક મંડળ લીડ :** ખુશાલ પરબત રૂડા -વેકરા, **સલાહકાર :** રાજેશ હરજી કેરાઈ -અંજાર

**સભ્યો :** ૧. હીરજીભાઈ કાનજી ભુડિયા -વેકરા, ૨. જયંત પરબત હિરાણી -આ.સુખપર, ૩. ભાવેનભાઈ નવિનચંદ્ર પાઠક -અમદાવાદ, ૪. વિરજી વેલજી ભુડિયા -નારાણપર, ૫. વિનય પરબત કેરાઈ -માંડવી, ૬. રસિક ભીખાલાલ ભંડેરી -વેકરા

**હોલ્ડીંગ ટ્રસ્ટી :** ૧. પરબતભાઈ શિવજી કેરાઈ -માંડવી, ૨. ધનજીભાઈ પ્રેમજી કાનજી -રામપર, ૩. માવજીભાઈ દેવજી કેરાઈ -રામપર, ૪. વિરજી વેલજી ભુડિયા -નારાણપર, ૫. પ્રેમજીભાઈ ભીમજી મનજી -દહીંસરા

**કિચન ટીમ લીડ :** ૧. પ્રેમીલાબેન પરબત રૂડા -વેકરા, ૨. કાંતાબેન સુનિલ આસાણી -માંડવી, ૩. પ્રેમીલાબેન માવજી પીંડોરીયા - આ.સુખપર, ૪. જશુબેન અરવિંદ ભંડેરી -વેકરા, **ફુડ હાઈજન ટીમ :** રાધાબેન હરજી રાબડીયા, સરલી


આ પ્રમાણે ઉપરોક્ત કાર્યવાહી કમિટીની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવેલ. અંતમાં નવા પ્રમુખશ્રી પરબતભાઈ શિવજી કેરાઈએ તમામ ભક્તજનોનો આભાર માન્યો અને નવા નિંમાયેલા કાર્યકર્તાઓ સંગઠિત રહી મંદિરની સેવા કરવાની ભલામણ કરેલ.

ત્યારબાદ બાલ સ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની જયઘોષ સાથે સભાનું વિસર્જન કરવામાં આવેલ.

લી. મંત્રીશ્રી હરીશભાઈ ધનજી હિરાણી

**નોંધ : શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ વિશેષાંક આ મહિને પ્રકાશિત થશે એની ખાસ નોંધ લેવી.**

# શીશલ્સ નૂતન મંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ



આફ્રિકા ખંડમાં સમુદ્ર મધ્યે અનેક ટાપુઓનાં સમુહથી બનેલ કુદરતનાં સૌંદર્યથી ભરપુર દેશ એટલે શીશલ્સ. આ દેશમાં આપણા ભાઈઓએ ૧૯૭૦નાં દાયકામાં પદાર્પણ કર્યું. હોટેલ માહે બીચનાં પ્રોજેક્ટને લઈને ભારતીય મૂળની પહેલી કંપની ‘‘લક્ષ્મણભાઈ એન્ડ કંપની’’ ની માર્ચ૧૯૭૩માં આવી.

ભગવાન સ્વામિનારાયણની દૃઢ ઉપાસનાને કારણે સાંજ સવાર આરતી કથાવાર્તા ભજન સ્મરણ વિના રહી ન શકનાર, નિયમ ધર્મ શીર સાટે પાળનાર, શ્રીજીઅનુરાગી કંપનીના ડાયરેક્ટરો (આગેવાનો)ની સાથે ૭૦ જેટલા કંપનીમાં કામ કરનાર હરિભક્તોએ ભુજ મંદિરના વડીલ સંતોની આજ્ઞાથી સમુદ્ર કિનારે પોગ્લો ખાતે પ્રોજેક્ટ પૂર્ણતાને આરે હતો. શીશલ્સમાં વ્યવસાયની તકો બહુજ સારી હતી. તેથી કંપનીના કેમ્પમાં જ શ્રીસ્વામિનારાયણ મંદિરની શરુઆત કરી.

શીશલ્સમાં વ્યવસાયની તકો બહુજ સારી હતી. તેથી કંપનીના માલિકોએ મુખ્ય વિક્ટોરિયા શહેરમાં જવાનું નક્કી કર્યું અને ત્યાં યુનિયન વેલમાં જગ્યા રાખી જ્યાં પહેલાં શ્રીસ્વામિનારાયણ મંદિર બનાવી સ્થળાંતરિત કર્યું પછી અન્ય મકાનો બનાવવામાં આવ્યાં.

ભુજ મંદિરેથી પહેલીવાર સંતો શીશલ્સ પધારવાનાં છે તેનાં સમાચાર મળતાં હરિભક્તોમાં



આનંદની હેલી છવાઈ ગઈ. જે સંતોમાં સદ્ગુરુ મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી, સદ્ગુરુ સ્વામી મુરલીમનોહરદાસજી, પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુરાણી સ્વામી શ્રીરંગદાસજી અને સ્વામી નારાણવલ્લભદાસજી હતા. આ ઉત્સાહમાં હરિભક્તોએ મંદિરનો જીર્ણોદ્ધાર કરી કાયમી મંદિર











તરીકે બનાવ્યું. જેમાં પધારેલા સંતોએ ૨૯મી જૂન ૧૯૮૨નાં રોજ આરતી કરી ભુજ મંદિરેથી લાવેલ શ્રીજીમહારાજે ધારણ કરેલ બુરહાનપુરી ખેસના પ્રસાદીના વસ્ત્રનો તક્તો પધરાવી આપેલ. ત્યારથી આરંભીને આજદિન સુધી ૨૯મી જૂન શ્રીસ્વામિનારાયણ મંદિર શીશલ્સના પાટોત્સવ દિવસ તરીકે ઉજવાય છે.

શીશલ્સમાં વ્યવસાયિક ઉજ્જવળ તકોને કારણે ભારતીય મૂળની અન્ય કંપનીઓ આવતી ગઈ તેથી હરિભક્તોની સતત સંખ્યા વધતી ગઈ. ભુજ મંદિરેથી દર વર્ષે સંત મંડળ પધારીને હરિભક્તોને સત્સંગનો લાભ આપવા લાગ્યું. યુવક મંડળનાં સંતો પધારી યુવક મંડળની સ્થાપના કરી. ઉત્સવ સમૈયાની સાથે શિબિરો થવા લાગી અને સત્સંગ સોળે કળાએ ખીલી ઉઠ્યો. આજે હજારોની સંખ્યામાં કામ કરતા હરિભક્તો અને સેંકડોની સંખ્યામાં કંપનીઓનાં માલીકો છે. સંખ્યાનાં વધારાને કારણે મંદિર ઘણું નાનું થતું હતું. સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોની આજ્ઞા અને ઉપસ્થિતિમાં ૬ માર્ચ ૨૦૧૫નાં રોજ નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિર શીશલ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો. જેમાં ભાઈઓ તથા બહેનો માટે અલગ અલગ મંદિરો, ૧૦૦૦ હરિભક્તોની બેઠક વ્યવસ્થાવાળો વિશાળ સભામંડપ ડોમ, સંતો માટે અદ્યતન ઉતારાની વ્યવસ્થા, બાળકો માટે ગુજરાતી શાળા, પ્રસાદ માટે ભોજનાલય જેવા વિભાગોનો સમાવેશ થાય છે. નૂતન મંદિર સંપ્રદાયની મર્યાદા પ્રમાણે, આધુનિક સગવડોથી સજ્જ, વિશ્વનાં ઉત્તમ પદાર્થોથી નિર્મિત છે. મંદિરમાં પધરાવવાનાં







ભગવાનનાં અર્ચા સ્વરુપો ભુજ મંદિરનાં ચિત્રકાર સ્વામી પુરુષોત્તમપ્રકાશ દાસજીનાં હાથે તૈયાર થયેલ છે.

લક્ષ્મણભાઈ એન્ડ કંપની શીશલ્સના સ્થાપક શ્રીપ્રેમજીભાઈ કેસરા રાઘવાણી પરિવારે આ મંદિરની અત્યાર સુધી કુશળતા પૂર્વક ઉદાર મને સેવા કરી છે. તેવા જ સમર્પણ અને ભક્તિભાવ સાથે પ્રેમજીભાઈ કેશરા રાઘવાણી અને તેમના સુપુત્રોએ નૂતન સ્વામિનારાયણ મંદિરના નિર્માણની સંપૂર્ણ સેવા પોતે એક જ પરિવારે કરી છે.

તૈયાર થયેલા નવ્યભવ્ય મંદિરમાં ઠાકોરજીનાં પધરામણાં માટે વિ.સં.૨૦૭૯ અષાઢ સુદ ૧૪, ૨ જુલાઈ ૨૦૨૩ રવિવાર થી અષાઢ વદ ૫, ૬ જુલાઈ ૨૦૨૩ ગુરુવાર દરમ્યાન “શીશલ્સ નૂતન મંદિર મહોત્સવ” ઉજવાયો. તા.૧-૭-૨૩ નાં રોજ સવારે વિષ્ણુયાગનો પ્રારંભ પૂ.મહંત સ્વામી આદિ વડીલ સંતોનાં વરદ્ હસ્તે દેશથી પધારેલા પવિત્ર



ભુદેવોનાં સાનિધ્યમાં ૫૧ ગૃહસ્થ જોડલા સાથે થયો. વાંસથી બનેલી વૈદિક યજ્ઞશાળામાં ૧૫ યજ્ઞકુંડ હતા. દરેક યજ્ઞકુંડમાં ૩ જોડી બેસીને યજ્ઞનારાયણ ભગવાનને આહુતિઓ અર્પણ કરી હતી. તા.૧-૭-૨૩ નાં સાંજે ૪-૩૦ વાગ્યે મહોત્સવ સ્થળે (નેશનલ સ્પોર્ટ્સ સેન્ટર) પોથીયાત્રા સાથે ઉત્સવની શરુઆત થઈ હતી. જેમાં પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબીની સ્વામિનારાયણ પાઈપ બેન્ડ તથા શીશલ્સના હરિભક્તોની પારંપરિક મંડળીનાં હરિભક્તોએ સ્થાનિક લોકોમાં આકર્ષણ ઉભું કર્યું હતું.



સભામંડપમાં પોથીયાત્રા વિરામ લીધા બાદ પૂજ્ય વડીલ સંતોએ આશીર્વાદ આપ્યા હતા. તા.૨-૭-૨૩ સવારે કથાનો શુભારંભ રંગેચંગે થયા બાદ શીશલ્સનાં રસ્તા ઉપર ક્યારેય ન થઈ હોય તેવી અભૂતપૂર્વ અવિસ્મરણીય ભવ્ય શોભાયાત્રા થઈ જેમાં અલગ અલગ કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલા કલાકૃતિ સભર નયનરમ્ય ૧૧ ફ્લોટ્સ, મંડળી, પાઈપબેન્ડ, પંજાબી ભાંગડા નૃત્યો, શીશલ્સનાં સ્થાનિક લોકોનું નૃત્ય જેવા અનેક શોભાથી યુક્ત આ શોભાયાત્રા ૩કિ.મી. લાંબી હતી. ૪૦ કિ.મી.નાં માહે ટાપુમાં ૩કિ.મી.ની શોભાયાત્રા.

તા.૩-૭-૨૩ આજે ગુરુપૂર્ણિમા. શીશલ્સ માટે આજના દિવસે પ્રત્યક્ષ ગુરુનાં પૂજનનો લાભ હરિભક્તોને મળ્યો. પૂજ્ય મહંત સ્વામી આદિ સંતોનું





પૂજન કરી હરિભક્તો ગદ્ગદીત થઈ ગયા હતા.

તા.૪-૭-૨૩ આજે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થયું તેમના માટે બહેનો સામૈયા લઈને મહારાજશ્રીનું સ્વાગત કર્યું.

તા.૫-૭-૨૩ નાં પાવન પવિત્ર દિવસે શીશલ્સ મંદિરમાં શ્રીઠાકોરજીની પ્રાણપ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્હસ્તે સદ્ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્ગુરુ પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી કેશવજીવનદાસજી આદિ ૩૮ જેટલા સંતો, શીશલ્સનાં પ્રેસીડેન્ટ વાવેલ રામકલાવન મંત્રી મંડળે સહિત, શીશલ્સ તથા દેશ વિદેશથી પધારેલા હજારો હરિભક્તોનાં સાનિધ્યમાં શ્રીસહજાનંદ સ્વામી, શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીવિઘ્નવિનાયક દેવ, શ્રીકષ્ટભંજનદેવ આદિ દેવોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. આ મહોત્સવમાં ભુજ મંદિરનાં વિદ્વાન શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી





વ્યાસપીઠે બિરાજી સંગીતની સુરાવલીઓ સાથે સદ્ગુરુ શતાનંદ સ્વામી કૃત શ્રીમત્ સત્સંગિજીવન શાસ્ત્રની પંચાહ્ન પારાયણ કરવામાં આવેલ. પારાયણ અંતર્ગત ફુલદોલોત્સવ, શ્રીઘનશ્યામ જન્મોત્સવ, ગુરુપૂર્ણિમાં ઉત્સવ, ફળકુટ ઉત્સવ, પટ્ટાભિષેક જેવા વિધવિધ ઉત્સવોએ પારાયણમાં ભક્તિસભર માહોલ બનાવ્યો હતો. તો દરરોજ રાત્રે સંતો દ્વારા સત્સંગ ડાયરો, ભક્તિ સંધ્યા, રાસોત્સવ જેવા જ્ઞાન સાથે ગમ્મતનાં કાર્યક્રમોએ આકર્ષણ જમાવ્યું હતું.

– અહેવાલ : સ્વામી દેવચરણદાસજી

# શ્રી સ્વામિનારાયણ મંદિર-વિલ્સડન (યુ.કે.) મંદિરનો ૪૮મો અને શ્રી ઘનશ્યામ મહારાજનો ૩૫મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો



શ્રીસ્વામિનારાયણ મંદિર વિલ્સડન યુ.કે.માં બિરાજમાન શ્રીનરનારાયણદેવ, શ્રીસહજાનંદ સ્વામી તથા શ્રીરાધાકૃષ્ણ આદિ દેવનો ૪૮ મો વાર્ષિક પાટોત્સવ તથા શ્રીઘનશ્યામ મહારાજનો ૩૫ મો વાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાઇ ગયો. તા.૩ થી ૭ જુલાઇ ૨૦૨૩ સાત દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ૨ જુલાઇ રવિવાર બપોરે ૩-૩૦ વાગ્યે પોથીયાત્રા સાંજે ૫ વાગ્યે શાસ્ત્ર પૂજન અને મહિલામંચનું આયોજન.
- ૩ જુલાઇ સોમવાર સવારે શ્રીઠાકોરજીનો ષોડ્ષોપચારે અભિષેક અને સાંજે રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ.
- ૫ જુલાઇ બુધવારે વચનામૃત પ્રશ્નોત્તરી દ્વારા જ્ઞાનવર્ધક કાર્યક્રમ અને
- ૬ જુલાઇ ગુરુવાર બાળકો અને યુવાનો દ્વારા નાથ ભક્તના જીવન ઉપર રૂપક ભજવવામાં આવ્યું હતું.
- ૭ જુલાઇ શુક્રવાર ભજન સંધ્યા કાર્યક્રમનું આયોજન હતું તેમાં બહોળી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો.
- ૮ જુલાઇ શનિવાર બાલકેન્દ્ર અને ગુજરાતી શાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- ૯ જુલાઇ રવિવાર કથા સમાપ્તિના દિવસે વિશાળ સંખ્યામાં ભક્તોએ કથા શ્રવણ અને મહાપ્રસાદનો લાભ લીધો.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના સંતોએ શ્રીમદ્‌સત્સંગિજીવન કથામૃતનું મધુર શૈલીમાં રસપાન સર્વે ભક્તજનોને કરાવ્યું હતું.

આ કથા પારાયણના મુખ્ય યજમાન ગામ બળદિયાના અ.નિ. પિતાશ્રી રામજીભાઇ નારાણ વેકરીયા (સલોરીયા) તથા અ.નિ. માતુશ્રી માનબાઇ રામજી વેકરીયા, હસ્તે ધનજીભાઇ રામજી વેકરીયા તથા ધ.પ.કેશરબાઇ ધનજી વેકરીયા, તથા જાદવાભાઇ ધનજી વેકરીયા તથા રાધાબેન જાદવા વેકરીયા તથા કરસનભાઇ ધનજી વેકરીયા તથા અમૃતબેન કરસન વેકરીયા તથા રજનીકાંતભાઇ ધનજી વેકરીયા તથા કસ્તુરબેન રજનીકાંત વેકરીયા તથા કાન્તાબેન લાલજી વરસાણી તથા લાલજીભાઇ રત્ના વરસાણી તથા વિજ્યાબેન ખીમજી રાબડીયા તથા ખીમજીભાઇ કલ્યાણ રાબડીયા તથા હેમાબેન જાદવજી હિરાણી તથા જાદવજીભાઇ કલ્યાણ હિરાણી સપરિવાર રહ્યા હતા.

મુખ્ય યજમાન ગામ નારાણપરના અ.નિ. પિતાશ્રી પરબતભાઇ નારાણ વેકરીયા તથા અ.નિ. માતુશ્રી ધનબાઇ પરબત વેકરીયા તથા માતુશ્રી ગં.સ્વ પ્રેમબાઇ પરબત વેકરીયા તથા અ.નિ.બહેન રાધાબાઇ લાલજી વરસાણી તથા અ.નિ.ભાઇ કુરજીભાઇ પરબત વેકરીયા, હસ્તે સુપુત્ર વેલજીભાઇ પરબત વેકરીયા, ધ.પ.હીરુબેન વેલજીભાઇ વેકરીયા સપરિવાર રહ્યા હતા.

અહેવાલ વિલ્સડન સ્વામિનારાયણ મંદિરના મંત્રીશ્રી



## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૨૦૦ | હરજી લાલજી મેપાણી જન્મદિવસ નિમિત્તે, માધાપર |
| ૫૦૦ | રાજેશ માવજી નિસર–પ્રેમવતી વાસ્તુ સાસ્ત્ર હસ્તે દેવજીભાઇ, ભચાઉ |
| ૧૧૧૧૧ | શ્રીસ્વામિનારાયણ મંદિર માધાપર સપાદ શતાબ્દી (૧૨૫) મહોત્સવ પ્રસંગે |
| ૫૦૨ | રામજી વાલજી જેશાણી –શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે, બળદિયા |
| ૨૦૦ | વીરબાઇ કરસન હિરાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે, કેરા |
| ૧૫૧ | કિશન ભરતભાઇ પંડ્યા જન્મ દિવસ નિમિતે, માધાપર |
| ૨૫૦ | દેવ જયેશભાઇ ભટ્ટ ધોરણ–૧૨ માં પાસ થયા તે નિમિતે માધાપર |
| ૨૦૦ | ગોવિંદ કરસન વરસાણી ગુરુપૂર્ણિમા નિમિતે, માધાપર |
| ૨૦૦ | શૌનક ગોપાલ પિંડોરીયા જન્મદિવસ નિમિતે, નારાણપર |
| ૨૦૦ | હરશીવ ગોપાલ પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે, નારાણપર |
| ૨૦૦૦ | રામ ભરોસે હ–ધવલભાઇ પરમાર, ભુજ |
| ૧૦૧ | હરીશ રૂડાભાઇ હિરાણી જન્મ દિવસ નિમિતે, સુખપર રોહા |
| ૨૦૦ | અ.નિ. નાનજી મનજી વરસાણી પરિવાર–શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે ભેટ, માનકુવા |

## નોંધ : અંક ન મળવા બાબત

હમણાં ઘણાં સમયથી ટપાલ દ્વારા પોસ્ટમાં શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ મળતું નથી એવી ફરિયાદો આવે છે. સંદેશ કાર્યાલયમાંથી નિયમિત રીતે દર મહિને દેશ-વિદેશના લગભગ ૯૭૦૦ જેવા અંક પોસ્ટ દ્વારા નિયત કરેલ તારીખે રવાના કરવામાં આવે છે. છતાં ગ્રાહકોની ફરિયાદને ધ્યાને લઈને મુખ્ય પોસ્ટ ઓફિસમાં લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવેલ છે.

તેમ છતાં ગ્રાહકોને નમ્ર વિનંતી છે કે તમો તમારા વિસ્તારને લાગતી પોસ્ટ ઓફિસમાં તમો પણ લેખિતમાં ફરિયાદ કરીને પોસ્ટ ઓફિસના સિક્કાવાળી એક કોપી પરત લેવી જે તમારા પાસે રહે.

- તંત્રી

## પ્રસાદી મંદિર સંસ્કૃત પાઠશાળા



પૂ. મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી પ્રસાદી મંદિરે ભુજ મંદિરના ૩૫ સંતો સંસ્કૃતનો અભ્યાસ કરી રહ્યા છે પૂ.મહંત સ્વામી નવા વિદ્યાર્થી સંતોના પ્રવેશ કાર્યક્રમ પ્રસંગે અભ્યાસ કરતા સંતોને દર્શન તથા રૂડા આશીર્વાદ આપવા માટે પધાર્યા હતા એમાના ૭ સંતો દક્ષિણ ભારતના તમીલનાડુના મદુરાન્તકમ ગામમાં સંસ્કૃતનો ઉચ્ચ અભ્યાસ કરી રહ્યાં છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

એવં

# નારાયણ યજ્ઞ મહોત્સવનું

આયોજન





**પોથીયાત્રા : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૨ તા. ૨૦-૪-૨૦૨૪ સાંજે ૩:૦૦ વાગ્યે**

**કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૩ તા. ૨૧-૪-૨૦૨૪**

**કથા વિરામ સાતમો દિવસ : સં.૨૦૮૦ ચૈત્ર વદ-૩ તા. ૨૭-૪-૨૦૨૪ સાંજે ૭:૦૦ વાગ્યે**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૪ તા. ૨૮-૪-૨૦૨૪ સવારે ૬:૩૦ વાગ્યે**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૧-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-
પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે.
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય
તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮/૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર**
**શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬ ૦૮૦૦૦**